# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૪ તા.૨૭-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળા વિકાસ યોજના (SDP) Update કરવા બાબત
સંદર્ભ :- ક્રમાંકઃ નં.એસએસએ/કોમ્યુ.મોબી/૨૦૨૧/૪૨૪૧૩-૪૫૦ તા.૨૨-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ અધિનિયમના પ્રકરણ-૪ના મુદ્દા નં.૧૭ મુજબ શાળા વિકાસ યોજના(SDP) ત્રણ વર્ષ માટે તૈયાર કરવાનું થાય છે અને દર વર્ષે તેને અપડેટ કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨માં શાળાઓ સંપૂર્ણ શરૂ થયેલ હોવાથી આ સાથે સામેલ સદર્ભિત પત્રનો ચિવટપૂર્વક અભ્યાસ કરી તમામ શાળાઓમાં શાળા વિકાસ યોજના (SDP) Update કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૭-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, IAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સમગ્ર શિક્ષા અભિયાન,સેક્ટર-૧૭, ગાંધીનગર.-૩૮૨૦૧૭
ફોન.૦૭૯-૨૩૨૩૨૪૧૩, ફેક્સઃ ૦૭૯-૨૩૨૩૮૪૦૪
Email : - aspdssaguj@gmail.com
Toll Free No.1800-233-7965

ક્રમાંકઃનં.એસએસએ/કોમ્યુ.મોબી./૨૦૨૧/ ૪૨૪૯૩-૪૫૦ તા.૨૨/૧૨/૨૦૨૧

પ્રતિ
૧. જિલ્લા પ્રોજેક્ટ કોઓર્ડિનેટરશ્રી.
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રોજેક્ટ ઓફિસ,સમગ્ર શિક્ષા,જિઃતમામ.
૨.શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
મહાનગરપાલિકાઃએ.એમ.સી.,આર.એમ.સી.,એસ.એમ.સી.,વી.એમ.સી.

**વિષયઃ શાળા વિકાસ યોજના (SDP) Update કરવા બાબત.**
**સંદર્ભઃમાન.એસપીડીશ્રીની નોંધ પર મળેલ મંજૂરી અન્વયે.**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાઈટ ટુ એજયુકેશન એકટ-૨૦૦૯, અધિનિયમના પ્રકરણ-૪ ના મુદ્દા નં.૧૭ મુજબ શાળા વિકાસ યોજના (SDP) ત્રણ વર્ષ માટે તૈયાર કરવામાં આવે અને દર વર્ષે તેને અપડેટ કરવામાં આવે છે જે મુજબ સીઆરસી કો.ઓ. ધ્વારા શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો ધ્વારા (સ્થાનિક સત્તાતંત્ર,ગ્રામ પંચાયત નગર શિક્ષણ સમિતિના સભ્ય સિવાય) શાળા વિકાસ યોજના (SDP) વર્ષ ૨૦૧૮-૧૯ માં તૈયાર કરવામાં આવેલ છે તે અન્વયે વર્ષ ૨૦૧૯-૨૦, ૨૦૨૦-૨૧ અને વર્ષ ૨૦૨૧-૨૨ એમ ત્રણ વર્ષ સુધી Update કરવાનું હોય છે વર્ષ ૨૦૨૦-૨૧ માં શાળા વિકાસ યોજના (SDP) ને Update કરવાનું થતું હતું પરંતુ કોરોના મહામારીના કારણે શાળાઓમાં શૈક્ષણિક સત્ર શરૂ થયેલ ન હોવાથી જયારે પણ શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થાય ત્યારે તમામ શાળાઓમાં શાળા વિકાસ યોજના(SDP) Update કરવા જણાવેલ હતું ગત શૈક્ષણિક વર્ષમાં શાળાઓ શરૂ થયેલ ન હોવાથી SDP Update કરવામાં આવેલ નહોતું આથી હવે જયારે વર્ષ ૨૦૨૧-૨૨ માં શાળાઓ સંપૂર્ણ શરૂ થયેલ હોવાથી રાજયની તમામ સરકારી શાળાઓમાં શાળા વિકાસ યોજના (SDP) ને Update કરવાનું થાય છે.

આ વર્ષે શાળા કક્ષાએથી શાળા વિકાસ યોજના (SDP) તૈયાર કરતી વખતે શાળાની ભૌતિક જરૂરિયાતો સંતોષાય એટલું જ નહિ પરંતુ શાળાનો વિકાસ ખરેખર થાય, શાળાના

તમામ બાળકોની શૈક્ષણિક ગુણવત્તા, તમામ બાળકોની સમાનતા, શાળાની સ્વચ્છતા, શાળા વ્યવસ્થાપન, શાળા બહારના બાળકોનું મેઈનસ્ટ્રીમીંગ વગેરે જેવા મુદ્દાઓ પરત્વે પણ શાળાનો વિકાસ થવો જરૂરી છે.

SMC લેવલે શાળા વિકાસ યોજના (SDP) તૈયાર કરે ત્યારે શાળામાં ભૈતિક સુવિધા, પાણીની સુવિધા, શિક્ષણની ગુણવત્તાલક્ષી સિધ્ધિ વગેરે બાબતોનો સમાવેશ કરવા જણાવવામાં આવે છે. તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા વિકાસ યોજના (SDP) Update કરી શાળા કક્ષાએ SDP ની ફાઈલ નિભાવવાની રહેશે તથા સીઆરસી કો.ઓ. ધ્વારા તેની ચકાસણી કરી પોતાના કલસ્ટરની તમામ શાળામાં શાળા વિકાસ યોજના (SDP) Update થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર તાલુકા કક્ષાએ બીઆરસી કો.ઓ.ને નીચેની તારીખો પ્રમાણે જમા કરાવવાનું રહેશે..તે જ પ્રમાણે બીઆરસી કો.ઓ. ધ્વારા પોતાના તાલુકાની તમામ શાળામાં શાળા વિકાસ યોજના (SDP) Update થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર જિલ્લા કક્ષાએ નીચેની તારીખો પ્રમાણે જમા કરાવવાનું રહેશે.

જિલ્લા કક્ષાએથી પોતાના જિલ્લાની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા વિકાસ યોજના (SDP) Update થયેલ છે તે અંગેનું પ્રમાણપત્ર અત્રેની કચેરી ૩૧ માર્ચ-૨૦૨૨ સુધીમાં જમા કરાવવાનું રહેશે આ તમામ જિલ્લાના પ્રમાણપત્ર મળ્યા બાદ શાળાઓને આગામી વર્ષ ૨૦૨૨-૨૩ ની સ્કુલ કંમ્પોઝીટ ગ્રાન્ટ ફાળવવામાં આવશે. આથી આપની કક્ષાએથી શાળા કક્ષાએ SDP ની ફાઈલ નિભાવવા સંબધિતોને સૂચના થવા વિનંતી.

| | |
|---|---|
| શાળા કક્ષાએથી કલસ્ટર કક્ષા | ૧૦/૦૧/૨૦૨૨ થી ૨૪/૦૧/૨૦૨૨ |
| કલસ્ટર કક્ષાએથી બ્લોક કક્ષા | ૨૫/૦૧/૨૦૨૨ થી ૦૯/૦૨/૨૦૨૨ |
| બ્લોક કક્ષાએથી જિલ્લા કક્ષા | ૧૦/૦૨/૨૦૨૨ થી ૧૯/૦૨/૨૦૨૨ |
| જિલ્લા કક્ષાએથી રાજ્ય કક્ષા | ૨૦/૦૨/૨૦૨૨ થી ૨૭/૦૨/૨૦૨૨ |

એડી. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી, ગાંધીનગર

- **બિડાણઃ SDP ફોર્મનો નમૂનો ઈમેઈલ મારફત**
- **નકલ સવિનય રવાના જાણ સારૂઃ**
- **માન.PA to SPD**
- **નકલ રવાના જાણ અને કાર્યવાહી અર્થેઃ-**
- **મદદ.જિલ્લા.કો.ઓ.- ગર્લ્સ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિટી મોબીલાઈઝેશન, જિ:તમામ**

# પ્રમાણપત્ર

જિલ્લો/કોર્પોરેશન ઃ....................

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે  કે, અમારા જિલ્લાની......................સરકારી પ્રાથમિક શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં શાળા વિકાસ યોજના(SDP) Update કરવામાં આવેલ છે. શાળા કક્ષાએ SDP ની ફાઈલ નિભાવવામાં આવેલ છે.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૪-A તા.૨૭-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ બાબત

સંદર્ભ :- ક્રમાંકઃ પ્રાશિનિ/ચ-૧/ઓરડા/૨૧-૨૨/૫૯૭૧-૬૦૨૩ તા.૨૩-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, તમારી શાળામાં મકાનમાં ઓરડાઓની ઘટ હોય, જો જર્જરીત મકાન હોય અને ઉતારી પાડેલ હોય તો નજીકની શાળામાં વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવી શકાય તેમ હોય તો આવા ઓરડાઓની માહિતી તાકીદે તમારા ઝોનના બીટ સુપરવાઈઝરશ્રી અને મદદનીશ શાસનાધિકારીશ્રીને તાત્કાલિક દિન-૧માં જાણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૭-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક:પ્રાશિનિ/ચ-૧/ઓરડા/૨૧-૨૨/૭૯૭૧-૬૦૨૩
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોકનં.૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર, તા.૨૩/૧૨/૨૦૨૧

आज़ादी का अमृत महोत्सव

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ.
શાસનાધિકારીશ્રી, તમામ.

વિષય: પ્રાથમિક શાળાઓમાં ઓરડાઓની ઘટ બાબત.
સંદર્ભ: માન.મંત્રીશ્રી, શિક્ષણની મળેલ સૂચના અનુસાર.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અત્રેની કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, આપના જિલ્લા/નગર શિક્ષણ સમિતિ હસ્તકની કેટલીક શાળાઓમાં ઓરડાઓની ઘટ છે, કેટલીક શાળાઓના મકાન જર્જરીત થતા મકાન ઉતારી પાડવાની મંજૂરી મળતા, તેવી શાળાઓમાં ઓરડા ઉતારી પાડવામાં આવેલ છે. તેની સામે નવા ઓરડાઓનું બાંધકામ અંગેની પ્રકિયા ચાલી રહી છે, જો આવી શાળાઓમાં એકપણ ઓરડો ઉપલબ્ધ ન હોય તો તેની વૈકલ્પિક વ્યવસ્થા ગામમાં આવેલ અન્ય પ્રાથમિક શાળઓમાં, તે જ શાળામાં પાળી પધ્ધતિથી, ગામમાં આવેલ અન્ય સરકારી મકાનોમાં અથવા ખાનગી મકાનોમાં વિદ્યાર્થીઓને બેસાડવાની વ્યવસ્થા કરવામાં આવેલ હોય તેવુ જોવા મળેલ છે, સદર બાબત ધ્યાને લઇને આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં જ્યાં શાળાનું મકાન ઉતારી પાડવામાં આવેલ હોય અને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને અન્ય ખાનગી મકાનો/સ્થળે બેસાડવામાં આવતા હોય, તેવા બાળકો માટે ગામમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં જરૂરીયાત મુજબ વ્યવસ્થા થઇ શકે તેમ હોય તો, તે મુજબની વ્યવસ્થા કરવી, જો શાળાઓમાં પાળી પધ્ધતિથી સમસ્યા હલ થતી હોય તો હાલ પૂરતો તેનો અમલ કરવો. અને જો તે શકય ન હોય તો નજીકની પ્રાથમિક શાળાઓમાં બાળકોને શિક્ષણ મળી રહે તે મુજબની વ્યવસ્થા કરવાની થાય. તેના માટે જરૂરી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા ઉભી કરવાની થતી હોય તો સદર બાબતે સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી, ગાંધીનગરને દરખાસ્ત રજૂ કરવાની રહેશે. તમામ બાળકોને સરકારી અથવા ખાનગી ગ્રાન્ટેડ સંસ્થામાં બાળકોના શિક્ષણની વ્યવસ્થા કરવી જેથી બાળકોને શૈક્ષણિક વાતાવરણ મળી રહે તેવી વ્યવસ્થા આપની કક્ષાએથી કરવાની રહેશે અને સદર બાબતનો અહેવાલ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી તથા સમગ્ર શિક્ષા અભિયાનની કચેરીને રજૂ કરવાનો રહેશે. સદર વ્યવસ્થા કરવાની જવાબદારી સંબંધિત શાળાના મુખ્ય શિક્ષકની રહેશે અને વ્યવસ્થા પૂર્ણ કરી તેની જાણ સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી મારફતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની રહેશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ.રા., ગાંધીનગર

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા
ગાંધીનગર

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૪-B તા.૨૭-૧૨-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ બાબત

સંદર્ભ :- જાહેરનામું : ક્રમાંક : રાપબો/પ્રા.મા.શિ.પ.-૨૦૨૧/૧૧૪૬૭-૧૧૫૪૮ તા.૨૩-૧૨-૨૦૨૧

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ માટેના આવેદન પત્રો **www.sebexam.org** વેબસાઈટ પર તા.૨૮-૧૨-૨૦૨૧ થી તા.૧૧-૦૧-૨૦૨૨ દરમ્યાન ઓનલાઈન ભરવાના રહેશે. ઓનલાઈન ઉમેદવારી માટેની અન્ય માહિતી આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા મુજબની છે. તો વધુને વધુ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧માં ભાગ લે તેવું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૭-૧૨-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

**"પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧"**

**"Primary-Secondary Scholarship Exam-2021"**

**જાહેરનામું**::ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.પ-૨૦૨૧/૧૧૪૬૭-૧૧૫૪૮ તા:૨૩/૧૨/૨૦૨૧

શિક્ષણ અને મજુર વિભાગ, ગાંધીનગરના તા.૦૯/૧૧/૧૯૮૪ના ઠરાવ ક્રમાંક: એસ.સી. એચ./૧૦૮૯/ ૪૦૪૯ અન્વયે તા:.૨૩/૧૧/૨૦૨૧ના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર ખાતે મળેલ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા સમિતિની બેઠકમાં નક્કી થયા મુજબ પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૧ (શહેરી/ગ્રામ્ય/ટ્રાયબલ)વિસ્તાર માટે લાભાર્થી વિદ્યાર્થીઓની પસંદગી કરવા માટે પરીક્ષા આગામી સમયમાં યોજવામાં આવશે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તા.૨૮/૧૨/૨૦૨૧ થી તા.૧૧/૦૧/૨૦૨૨ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

## ❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામું બહાર પાડ્યાની તારીખ | ૨૩/૧૨/૨૦૨૧ |
| ૨ | www.sebexam.orgવેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | તા.૨૮/૧૨/૨૦૨૧ થીતા.૧૧/૦૧/૨૦૨૨ |
| ૩ | પરીક્ષા માટેની ફી ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા.૨૮/૧૨/૨૦૨૧ થી તા.૧૩/૦૧/૨૦૨૨ |
| ૪ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૭/૦૧/૨૦૨૨ |
| | (૨) માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૫ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/ શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૨૭/૦૧/૨૦૨૨ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની અંતિમ તારીખ | |

| | | |
|---|---|---|
| ૬ | (૧)પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૩૧/૦૧/૨૦૨૨ |
| | (૨)માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના શાળામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી DEO કચેરી દ્વારા રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | |
| ૭ | પરીક્ષા તારીખ | પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |

- **ઉમેદવારની લાયકાત :**

  - **પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા :**

    જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ- ૬ માં સરકારી પ્રાથમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓમાં (જિલ્લા પંચાયત/મહાનગરપાલિકા/નગરપાલિકાની શાળા) ગ્રાન્ટેડ પ્રાથમિક તથા નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાની પરીક્ષા આપી શકશે.

    ધોરણ-૫માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

  - **માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા :**

    જે વિદ્યાર્થી ચાલુ શૈક્ષણિક વર્ષમાં ધોરણ- ૯ માં સરકારી માધ્યમિક શાળાઓ, લોકલ બોડી શાળાઓ, ગ્રાન્ટેડ માધ્યમિક તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા હોય તેવા વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાની પરીક્ષા આપી શકશે.

    ધોરણ- ૮ માં ઓછામાં ઓછા ૫૦% ગુણ કે સમકક્ષ ગ્રેડ મેળવેલ હોવો જોઇએ.

- **અભ્યાસક્રમ :**

  - **પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

    પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ-૧ થી ૫ સુધીનો રહેશે.

  - **માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા**

    માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે અભ્યાસક્રમ ધોરણ- ૬ થી ૮ સુધીનો રહેશે.

- **માધ્યમ :**
  - પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષાના પ્રશ્ન પેપરોનું માધ્યમ માત્ર ગુજરાતી રહેશે.

❖ <u>પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ : પ્રાથમિક- માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા</u>

| કસોટી નો પ્રકાર | પ્રશ્નો | ગુણ | સમય |
|---|---|---|---|
| (૧) ભાષા-સામાન્યજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |
| (૨) ગણિત-વિજ્ઞાન | ૧૦૦ | ૧૦૦ | ૯૦ મિનીટ |

**નોંધ:: અંધ ઉમેદવારોને પરીક્ષામાં નિયમ અનુસાર વધારાનો સમય મળવાપાત્ર થશે**

❖ <u>પરીક્ષા ફી :</u>

| ક્રમ | પરીક્ષાનુંનામ | પરીક્ષાફી | માર્કશીટ/પ્રમાણપત્રફી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૨૫/- | ૧૫/- | ૪૦/- |
| ૨ | માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા | ૩૫/- | ૧૫/- | ૫૦/- |

➢ **સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે.**

❖ <u>આવક મર્યાદા :</u>

પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા માટે આવક મર્યાદાને ધ્યાને લેવામાં આવતી નથી.

❖ <u>ઓનલાઇન અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર <u>**તા.૨૮/૧૨/૨૦૨૧ બપોરના ૧૫.૦૦) થી તા.૧૧/૦૧/૨૦૨૨ (રાત્રિના ૨૩.૫૯ કલાક સુધી)**</u> દરમ્યાન www.sebexam.org પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા બાદ ફી ભર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ www.sebexam.org પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- "પ્રાથમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬) <u>અથવા</u> " માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૯)" સામે Apply Now પર Click કરવું.
- <u>**Apply Now પર Click કરવાથી Application Format દેખાશે. Application Format માં સૌપ્રથમ માગવામાં આવેલ તમામ માહિતી ભરવાની રહેશે.**</u>
- <u>વિદ્યાર્થીની વિગતો U-DISE Number ના આધારે ભરવાની રહેશે.</u>
- <u>શાળાની વિગતો માટે શાળાના DISE Number ના આધારે ભરવાની રહેશે.</u>

- હવે Save પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો Application Number Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં Upload photo- Signature પર Click કરો. અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. અહીં Photo અને Signature upload કરવાના છે.
- Photo અને Signature upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature JPG format માં (15 Kb) સાઇઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઇએ. Browse Button પર Click કરો. હવે Choose File ના સ્ક્રીનમાંથી જે ફાઇલમાં JPG format માં તમારો Photo store થયેલ છે તે ફાઇલને Select કરો. અને Open Button ને Click કરો. હવે Browse Button ની બાજુમાં upload Button પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આજ રીતે Signature પણ upload કરવાની રહેશે.
- હવે Confirm Applicationપર Click કરો.અહીં તમારો Application Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો. જો અહિ અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. અરજી Confirm કર્યા પહેલાં કોઇ પણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઇ ગયા બાદ અરજીમાં કોઇપણ જાતનો સુધારો કરી શકાશે નહી.
- જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm પર Click કરવું.Confirm પર Click કરવાથી ઉમેદવારની અરજીનો Online સ્વીકાર થશે તથા તે બાદ જ માન્ય ગણાશે.
- હવે Print Application & Fee Challan પર Click કરવું. અહીં તમારો Confirmation Number Type કરો અને તમારી Birth Date Type કરો. ત્યારબાદ Submit પર Click કરો.
- અહિંથી તમારી અરજીપત્રકની તથા ફી ચલણની પ્રિન્ટ કાઢી લેવી.

## ❖ ફી ભરવાની રીત:

- ત્યારબાદ ઓનલાઇન પેમેન્ટ કરવા માટે print applicationની print કાઢતા પહેલા online payment કરવાનું રહેશે. એકસાથે મલ્ટી પેમેન્ટ કરી શકશે. ઓનલાઇન પેમેન્ટ ગેટ વે દ્વારા CREDIT CARD/ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.
- ઓનલાઈન ફી જમા કરાવવા માટે PRINT APPLICATION" પર Click કરવું. અને વિગતો ભરવી. ત્યારબાદ ONLINE PAYMENT ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં NET BANKING OF FEE અથવા Other Payment Mode ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઈ ગઈ છે તેવુ SCREEN પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઈ ખામી હશે.તો SCREEN પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.
- ઓનલાઈન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફી ની રકમ કપાયા બાદ ૨૪ કલાકમાં e-receipt જનરેટ ન થઈ હોય તો તાત્કાલિક રાજય પરીક્ષા બોર્ડને ઈ-મેઈલથી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>જરૂરી આધારો / પ્રમાણપત્રો :</u>

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/પ્રમાણપત્રો જોડવાના રહેશે.
- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)

❖ <u>શાળાએ કરવાની કાર્યવાહી:</u>

- **<u>વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.</u>**

(૧) <u>પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૬)ના</u> પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે <u>તા-૧૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં આવેદનપત્રો સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/શાસનાધિકારી ની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

(૨) <u>માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૯)ના</u> માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે <u>તા- ૧૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં આવેદનપત્રો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ **<u>તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીનીકરવાની કાર્યવાહી:</u>**

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં <u>પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬) ના</u> પ્રાથમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૨૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં આવેલ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૨૭/૦૧/૨૦૨૨ સુધીમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ <u>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાર્યવાહી:</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી<u>તા:૩૧/૦૧/૨૦૨૨</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ <u>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાર્યવાહી:</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં <u>માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૯)ના</u> માધ્યમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૨૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા:૩૧/૦૧/૨૦૨૨</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

➢ <u>નોંધ: આવેદનપત્રો રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવા માટેની પદ્ધતિ તથા યુઝર નેમ અને પાસવર્ડ બોર્ડ દ્વારા અલગ પત્રથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીને /તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મોકલી આપવામાં આવશે.</u>

➢ **<u>પરીક્ષાના સંચાલન માટેની સૂચનાઓ</u>** :: પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા (ધોરણ-૬) અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(ધોરણ-૯) બંન્ને પરીક્ષાઓના સંચાલનની તમામ કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ દ્વારા કરવાની રહેશે.

❖ **<u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>**

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ શાળાઓમાં આ જાહેરનામાંની નકલ <u>તા-૨૩/૧૨/૨૦૨૧</u> સુધીમાં ફરજીયાતપણે પોંહચાડવાની રહેશે.
- કોઇપણ શાળામાંથી જાહેરનામું મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિના તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા.૧૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની /શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિના તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે <u>તા.૧૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં પ્રાથમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા.૨૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ માધ્યમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર <u>તા:૨૭/૦૧/૨૦૨૨</u> સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે. એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા.૩૧/૦૧/૨૦૨૨</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિના તમામ આવેદનપત્રોની હાર્ડકોપી <u>તા. ૩૧/૦૧/૨૦૨૨</u> સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.
- પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા જિલ્લાના દરેક તાલુકા મથકે યોજાતી હોઈ વિદ્યાર્થીની સંખ્યા ધ્યાને રાખી પરીક્ષા કેન્દ્ર ફાળવવાના રહેશે.

❖ અગત્યની સૂચનાઓ ::

- વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
- જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- વિદ્યાર્થીના હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિધાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- જો ફોર્મ ભરતી વખતે કોઈપણ  વિદ્યાર્થી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા  વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા  સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૨૪ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.
- આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે. સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
- નામ, અટક,જન્મ તારીખ, જાતિ કે અન્ય કોઇ બાબતે પાછળથી બોર્ડ દ્વારા સુધારો કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.
-

સ્થળ: ગાંધીનગર

તારીખ: ૨૩/૧૨/૨૦૨૧

( પી.એ.જલુ )

અધ્યક્ષ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

❖ <u>**નકલ રવાના અમલાર્થે**</u>

(૧) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ  તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૨) શાસનાધિકારીશ્રી, તમામ

આપના તાબાહેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

(૩)જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)

જિલ્લાના તમામ માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.

(૪) જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

(૫) મેનેઝરશ્રી,બીલ ડેસ્ક,અમદાવાદ.

❖ <u>**નકલ સાદર રવાના જાણ સારૂ.**</u>

(૧) સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

(૩) નાયબ નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

(૪) નાયબ નિયામકશ્રી,ઉચ્ચ શિક્ષણ  નિયામકની કચેરી, બ્લોક નં:૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.